॥ ૐ ॥
॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

# -: વિકાસ..! વિકાસ....!! વિકાસ........!!! :-

(તા. ૧૫-૬-૨૦૧૪ શ્રી પ્રવીણભાઈના ત્યાં થયેલ સત્સંગ-સ્વાધ્યાય નિમિત્તે, પૂ. ગુરુદેવે ટેલિફોન દ્વારા કરેલા ઉદ્‌બોધનનો અમુક અંશ )

**સંકલન - શશિકાંત પટેલ**

વિકાસ કોનો? વિકાસ ક્યારે ? વિકાસ કોના દ્વારા ? વિકાસ એટલે શું? આવા અનંત પ્રશ્નો સૌને થાય એ સ્વભાવિક છે, પણ આ બધાનો સમાધાનકારી જવાબ કોણ આપી શકે? કોઈ નહીં. પણ, સૌ પોતપોતાની રીતે મથી શકે.

દેવ-દાનવોએ વિકાસ અર્થે મહાપુરુષાર્થ કર્યો, આખા સમુદ્રને વલોવી નાખ્યો, સમુદ્રમાંથી ઘણું બધું નીકળ્યું, અમૃત પણ નીકળ્યું અને હળાહળ ઝેર પણ નીકળ્યું. મહાદેવ જો એ હળાહળ ઝેરને પી ગયા ન હોત, તો સમસ્ત જીવસૃષ્ટિનો સંહાર થઈ જાત. મહાદેવે પણ એ ઝેર કંઠમાં જ રોકી રાખ્યું. જો તેમણે ઝેરને પેટમાં ઊતરવા દીધું હોત, તો તેઓ પણ મરી જાત. હળાહળ ઝેરને મહાદેવે કંઠમાં જ રોકી રાખ્યું, તેથી તેમનો કંઠ નીલવર્ણ થઈ ગયો તેથી ભક્તોએ તેમને નીલકંઠ કહીને બિરદાવ્યા - વધાવ્યા. આવો ભીષણ-ભયંકર ભોગ કોણ આપી શકે? સદાશિવ જ આપી શકે.

ઋષિમુનિઓ સમાધી દ્વારા વસ્તુના મૂળને - અંતરતમ સ્તરને જાણી લેતા હતા-પામી લેતા હતા. બીજા સ્તરમાં સુખ સગવડો રૂપી અમૃત ભલે હોય, પણ સાતમા સ્તરમાં તો ભયંકર અગવડોરૂપી હળાહળ ઝેર જ છે, તેવું તેઓ જોઈ શકતા હતા. જ્યારે આધુનિક વિજ્ઞાનીઓ, આધુનિક સ્થૂળ બુદ્ધિ અને આધુનિક સ્થૂળ સાધનો દ્વારા બીજા સ્તર સુધી જ પહોંચી શકે છે. તેથી તેમની શોધો મહાદ્‌ઃખની પ્રતિક્રિયાવાળી અને અલ્પજીવી જ હોય છે.

**"તુમ્હારે કારન પરમાત્માને, જગત-બગીચા બનાયા હૈ;**
**કિસમ-કિસમ કે ફલ-ફૂલ સે, બહુત ખૂબ સજાયા હૈ."**

પરમાત્માએ અસીમકૃપા વરસાવી આપણા ભોજન માટે શુદ્ધ સાત્ત્વિક-પવિત્ર-સુપાચ્ય અખૂટ અન્નભંડારની રચના કરી છે. એનું સેવન કરવાથી આપણે સ્વસ્થ-નીરોગી-બળવાન રહી શકીએ જેથી પ્રેમ-ઉત્સાહ-ઉમંગપૂર્વક ખૂબખૂબ સાત્ત્વિક નિષ્કામ કર્મો કરી મોક્ષને પામી શકીએ. તેથી આપણે જીવનમાં ક્યારે પણ અખાદ્ય-અપેય ખાવા-પીવાની ચીજવસ્તુનો ઉપયોગ કરવો જોઈએ નહીં. પરંતુ આજના જમાનામાં મોટા ભાગના લોકો પોતે વિકાસશીલ સમાજમાં જીવી રહ્યા છે, તેવું ગૌરવ અનુભવવા કુદરતે બનાવેલ સુપાચ્ય-શુદ્ધ ભોજન પ્રત્યે ઉપેક્ષિત રહીને અખાદ્ય-અપેય ખાણી-પીણીનો બેફામ ઉપયોગ કરીને અનેક રોગોના ભોગ બની રહ્યા છે.

આપણે જોઈએ છીએ, સાંભળીએ છીએ કે, અત્યારે ચારેબાજુ વિકાસ, વિકાસ ને વિકાસની જ વાતો થઈ રહી છે. તે માટે થઈને અનેક પ્રકારની વિજ્ઞાનની અવનવી શોધો થઈ રહી છે. આ શોધોનો ચારેબાજુ બેફામ અમલ થઈ રહ્યો છે. વિકાસના નામે આ બધું જે થઈ રહ્યુ છે તે કેવા વિકાસ માટે થઈ રહ્યું છે? સ્થૂળ-ભૌતિક વિકાસ માટે થઈ રહ્યું છે. આ વિકાસથી બચપણ-જુવાની-બુઢાપો એ ક્રમને રોકી શકાતો નથી. ગમે તેટલો વિકાસ થાય, પણ તેનાથી કોર્ટ-કચેરી, પોલીસથાણાં, દવાખાનાં ઓછાં થતાં નથી. એ તો રાતદિવસ વધતાં જ જાય છે. સમાજમાં ગુનાખોરી-સ્વચ્છંદતા-રોગોનું પ્રમાણ વધતું જ જાય છે. આવો વિકાસ અને તેના દ્વારા સમાજના લોકોને પ્રાપ્ત થતાં સુખ-સગવડ ભૌતિક જગતમાં પ્રાથમિક રીતે ભલે સારાં લાગતાં હોય, પરંતુ સૂક્ષ્મ રીતે વિચારીએ તો તે ભ્રામક છે, અંતે દુઃખદાયક છે. ખરો વિકાસ તો તેને કહેવાય કે જેના દ્વારા મનુષ્યજન્મની સાર્થકતા પ્રાપ્ત કરી શકાય - મોક્ષને પામી શકાય, જે મનુષ્યજન્મનું મુખ્ય અને અંતિમ લક્ષ્ય છે. રાવણે જીવનમાં કેટલો વિકાસ કરેલો તે રામાયણમાં જણાવેલ છે. રાવણને દશ તો મસ્તક હતાં. તેની નગરી સોનાની હતી. જાતજાતની યાંત્રિક રચનાઓ દ્વારા તે રક્ષિત હતી. તેના મહેલમાં વા વાસીદું કરે અને પવન પાણી ભરે. તેણે પલંગના પાયા સાથે કેટલાય દેવોને બાંધી રાખ્યા હતા. આ બધો તેનો ભૌતિક વિકાસ હતો. આમ છતાંય અંતે તેનું મૃત્યુ થયું, તેનો નાશ થયો. સાથે સાથે તેના સમગ્ર પરિવારનો નાશ થયો. વળી, તેની સોનાની નગરી પણ નાશ પામી. કેમકે, તેનો જે વિકાસ હતો તે માત્ર ભૌતિક વિકાસ હતો. એકલો ભૌતિક વિકાસ ક્ષણભંગુર-અકલ્યાણકારી અને અંતે દુઃખદાયક અને વિનાશકારી હોય છે. જ્યારે આધ્યાત્મિક વિકાસ શાશ્વત-કલ્યાણકારી-કાયમી સુખદાયક હોય છે. ભૌતિક વિકાસ જન્મ-મરણના ચકરાવામાં ચઢાવે છે. જ્યારે આધ્યાત્મિક વિકાસ જન્મ-મરણના ચકરાવામાંથી છોડાવે છે. રાવણે જો ભૌતિક વિકાસની સાથે આધ્યાત્મિક વિકાસ કર્યો હોત, તો તેનો, તેના પરિવારનો, તેની નગરીનો આવો કરુણ અંજામ થયો ન હોત.

**તો તેને સીતાજીનું હરણ કરવાનો વિચાર જ આવ્યો ન હોત.** સ્થૂળ વિકાસ અંતે અકલ્યાણકારી હોય છે, જ્યારે સૂક્ષ્મ-આધ્યાત્મિક વિકાસ સદા કલ્યાણકારી જ હોય છે. સમાજના ઉત્થાન માટે ભૌતિક વિકાસ જ એકમાત્ર સાચો વિકાસ છે એવી ભ્રમણામાં રહેવું જોઈએ નહીં, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ આધ્યાત્મિક વિકાસમાં અને તે દ્વારા સમાજઉત્થાનના કાર્યમાં માત્ર સહાયક છે એમ સમજવાનું છે. જો આવા સાચા સૂક્ષ્મ વિકાસનો પ્રયત્ન કરવામાં આવશે, તો સમાજમાં સ્વચ્છંદતા ઘટશે અને સાત્ત્વિકતા વધશે. પરિણામે સમાજના લોકો સાચાં સુખ-શાંતિ પામી શકશે, વધુ ને વધુ લોકોનું કલ્યાણ થશે. શ્રી રામે આવો કલ્યાણકારી સૂક્ષ્મ-આધ્યાત્મિક-સાત્ત્વિક વિકાસનો કેટલો મોટો આદર્શ, તેને અનુરૂપ જીવન જીવીને, જગત સમક્ષ રજૂ કર્યો છે. રામાયણમાં તુલસીદાસજીએ કહ્યું છે કે—

**''રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય અરૂ વચન ન જાઈ.''**

શ્રી રામે એક પત્ની, એક વચન અને એક બાણનો આદર્શ જીવનભર પાળ્યો, અને તે આદર્શ સમાજને આપ્યો તે સાચો વિકાસ કહેવાય. વાસના-વિકાર ઉપર વધુ ને વધુ કાબૂ પ્રાપ્ત કરી સંયમ-નિયમવાળું જીવન જીવવું તે સાચો વિકાસ કહેવાય. જેના સહારે મોક્ષપ્રાપ્તિના માર્ગે વધુ ને વધુ ઝડપથી આગળ વધી શકાય તેને જ સાચો વિકાસ કહેવાય. આમ, વિકાસને ખૂબ જ તાત્ત્વિક રીતે સમજવાની જરૂર છે.

તો, ખરા અર્થમાં જેને વિકાસ કહેવાય તેવા કલ્યાણકારી સૂક્ષ્મ વિકાસને પામવા માટે સંસારીજનોએ કેવું જીવન જીવવું જોઈએ? તે માટે કહ્યું છે કે—

**''સંસારમાં સરસો રહે, તેનું મન મારી પાસ; શ્રી કૃષ્ણ અર્જુનને કહે, તેને સમજુ મારો દાસ.''**

સંસારીજનોનાં જીવનના વહેવાર અને પરમાર્થરૂપી બે પાસાં છે. તો દરેક સંસારીજને આ વહેવાર અને પરમાર્થને ખાંડાની ધાર ઉપર ચાલતા હોઈએ તેમ જીવનમાં બરોબર સાચવવાના છે- નિભાવવાના છે. બેયને બરોબર મહત્ત્વ આપવાનું છે. ભગવાને આપણને બે આંખ, બે નસકોરા, બે કાન, બે હાથ, બે પગ આપ્યા છે. આપણે આપણાં કાર્યો સારી રીતે કરવા માટે બન્નેનો યથાયોગ્ય-બરોબર ઉપયોગ કરીયે છીએ અને વધુમાં વધુ સંતોષ અને તૃપ્તિનો અનુભવ કરીએ છીએ. તેવી રીતે જીવનમાં વહેવાર અને પરમાર્થરૂપી બન્ને પાસાની બરોબર ખેવના રાખવાની છે. બન્ને પાસામાં બરોબર પારંગત થવાનું છે. એક પણ પાસામાં ઢીલાશ કે બેદરકારી રાખવાની નથી. બન્ને પાસાં એકબીજાનાં સહાયક બની રહે તે રીતે જીવવાનું છે. આવું જીવન જીવતાં જીવતાં કલ્યાણપથમાં આગળ વધી, મોક્ષને પામી, મનુષ્યજન્મ સાર્થક કરવાનો છે. વહેવારમાં બરાબર રહેવાનું એટલે આપણાં પરિવારજનો, આશ્રિતો, સમાજ વગેરે સૌ પ્રત્યેની આપણી જે કાંઈ ફરજો છે તેને પ્રેમપૂર્વક બરાબર નિભાવવાની છે. સાથે સાથે બરોબર સાવધાન રહેવાનું છે કે, તેમના પ્રત્યેની ફરજ પ્રેમપૂર્વક બજાવતાં બજાવતાં તેમનામાં મોહ ઉત્પન્ન થઈ જાય નહીં. કેમકે, મોહ જન્મ-મરણના બંધનમાં બાંધે છે. જ્યારે પ્રેમ કલ્યાણપથમાં આગળ વધવામાં સહાયરૂપ થાય છે. આમ, વહેવારની સાથે સાથે પરમાર્થમાં પણ બરોબર રહેવાનું છે, એટલે કે સદાચારી સંયમ-નિયમવાળું જીવન જીવતાં નિષ્કામભાવે પરહિતનાં કાર્યોરૂપી સત્કર્મોનું આચરણ કરતા રહેવાનું છે. આમ, આપણે જીવનમાં વહેવાર અને પરમાર્થનો યોગ્ય સમન્વય કરી જીવન જીવીએ, તો પરમાત્માની કૃપા અવશ્ય પ્રાપ્ત થશે. તેથી તો કહ્યું છે કે—

**''રામ ઝરૂખે બૈઠ કર, સબકા મુજરા લેત;**
**જૈસી જીસકી ચાકરી, વૈસા ઉસકો દેત.''**

આપણે જેવું જીવન જીવીએ અથવા જે કાંઈ સારાં-નરસાં કર્મ કરીએ તે પરમાત્માના ચોપડે તરત જ નોંધાઈ જાય છે. એમનાથી કાંઈ જ છૂપું રહેતું નથી. યથાયોગ્ય સમયે આપણને તે કર્મનાં ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. અસત્ કર્મોના ફળસ્વરૂપ જન્મમરણનો ચકરાવો અને અનેક પ્રકારનાં દુઃખોની પ્રાપ્તિ થાય છે. જ્યારે સત્કર્મોના ફળસ્વરૂપ મોક્ષની - આત્યંતિક સુખની પ્રાપ્તિ થાય છે. આત્યંતિક સુખ એટલે એવું સુખ કે જે ક્યારે પણ દુઃખમાં પરિણમતું નથી.

-યોગભિક્ષુ

**સત્સાહિત્ય પ્રચાર પત્રિકા નં. ૧૧૭, તા. ૨૪-૦૯-૨૦૧૪**

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાનઃ-** ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ વતી
ડૉ. સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુ   ૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે, નારણપુરા, અ'વાદ-૧૩